વિચરતી-વિમુક્ત જાતિમાં વિચરતી જાતિ માટે
રાવળીયા શબ્દપ્રયોગ ન કરવા બાબત સ્પષ્ટતા.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૧૮૫૯૧૩/અ
સચિવાલય, ગાંધીનગર

તા.૨૩/૪/૨૦૧૫

વંચાણે લીધા:

૧. મજૂર સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો તા.૧/૪/૧૯૭૮નો ઠરાવક્રમાંક:બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/હ

૨. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૬/૧૦/૨૦૦૬નો ઠરાવક્રમાંક:સશપ/૧૧૦૬/૩૯૪/અ

૩. શિક્ષણ અને મજૂર ખાતાનો તા.૩૦/૩/૧૯૬૩નો ઠરાવક્રમાંક:ડીએનટી/એનટીડબલ્યુ/૨૦૬૨-સી/૫૦૫/જી

પ્રસ્તાવના:

વંચાણે લીધેલ ક્રમ.૧ના ઠરાવથી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદી ક્રમ:૬૦ હેઠળ રાવળ, રાવળિયા, જતી અથવા રાવળ યોગી, જાગરીયાનો સમાવેશ કરેલ, "રાવળીયા" શબ્દપ્રયોગથી રાવળ સમાજના લોકો અપમાન અને તિરસ્કારની લાગણી અનુભવતા હોવાની રજૂઆત સરકાર સમક્ષ કરવામાં આવેલ, આથી તેમાંથી "રાવળીયા, રાવલિયા" શબ્દપ્રયોગ ન કરવા વંચાણે લીધેલ ક્રમ:૨ પરના ઠરાવથી ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમ.૩ થી બહાર પાડવમાં આવેલ વિચરતી અને વિમુક્ત જાતિની યાદી પૈકી વિચરતી જાતીમાં ક્રમ:૧૭ પર સમાવેશ પામેલ "રાવળીયા" ને સ્થાને રાવળ, રાવળયોગી શબ્દ રાખવા માટે પણ સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવેલ હોઇ વિચરતી જાતિની યાદીમાં પણ "રાવળિયા" ને સ્થાને રાવળ, રાવળ યોગી ઉક્ત ઠરાવ લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવમાં આવે છે.

ઠરાવ:

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં "રાવળીયાને" સ્થાને "રાવળ" વાપરવા કરેલ આ વિભાગના તા.૬/૧૦/૨૦૦૬ના ઠરાવ અનુસાર વિચરતી જાતિ પૈકી ક્રમ.૧૭ પર દર્શાવેલ જાતિ માટે "રાવળીયા" શબ્દપ્રયોગ ન કરવા અને તેને સ્થાને "રાવળ" શબ્દ વાપરવા આથી ઠરાવવામાં આવે છે. રાવળ

જાતિના લોકોના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં રાવળીયા શબ્દનો ઉલ્લેખ કરવામા આવ્યો હોય તો પણ સંબંધિત ઇસમોને તેમની વ્યાજબી રજૂઆત પ્રમાણે રાવળ તરીકેનું સંબોધન કરવા તથા આ સમાજના લોકોને મળવાપાત્ર વિચરતી જાતિના પ્રમાણપત્રમાં રાવળ શબ્દનો ઉલ્લેખ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

સરકારના તમામ વિભાગો તથા કચેરીઓ આ સુચનાઓનો યોગ્ય અમલ કરે તથા આ નિર્ણયથી સંબંધિત અધિકારીઓને સરકારના આ નિર્ણયથી વાકેફ કરવાની તજવીજ કરવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.વી.દેસાઇ)

ઉપસચિવ

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(વિ.જા.)ના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાજીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા.
- સર્વે મંત્રીશ્રીઓ/રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.*
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.*
- અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરિપત્રીત કરવાની વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ(નીચેના અધિકારીઓને પરિપત્રીત કરવાની વિનંતી સહ).
- તમામ નાયબ નિયામકશ્રીઓ/ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓશ્રી(નિયામ્કશ્રી વિકસતી જાતિ મારફત)
- સિલેક્ટ ફાઇલ.